આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- વિરલ રાણા

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૧૫-૦૮-૨૦૨૪ સમય:-સવારે ૬.૪૦ કલાકે

---

# સ્વાતંત્ર્ય પર્વ ઉજવણી

**78માં સ્વાતંત્ર્ય પર્વની શુભેચ્છાઓ સાથે સમાચાર વિરલ રાણા વાંચે છે……**

દેશ આજે તેનો 78મો સ્વતંત્રતા દિવસ ઉજવી રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લા પરથી સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં રાષ્ટ્રનું નેતૃત્વ કરશે. તેઓ રાષ્ટ્રધ્વજની યજમાની કરશે અને પ્રતિષ્ઠિત સ્મારકના કિનારેથી રાષ્ટ્રને સંબોધન કરશે. આ વર્ષના સ્વતંત્રતા દિવસની થીમ વિકસિત ભારત@ 2047 છે.

રાષ્ટ્રીય ઉત્સાહના આ ઉત્સવમાં લોકોની ભાગીદારી વધારવાના ઉદ્દેશ્ય સાથે, લાલ કિલ્લા પર ઉજવણીના સાક્ષી બનવા માટે લગભગ છ હજાર વિશેષ મહેમાનોને આમંત્રણ આપવામાં આવ્યું છે. આ લોકો જીવનના વિવિધ ક્ષેત્રના છે, જેમાં યુવાનો, આદિવાસી સમુદાય, ખેડૂતો, મહિલાઓ અને અન્ય વિશેષ મહેમાનોનો સમાવેશ થાય છે. તેઓએ સરકારી યોજનાઓ અને પહેલોની મદદથી વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ દેખાવ કર્યો છે. કુલ 250 ખેડૂતોને વિશેષ અતિથિ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા છે જેમણે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો લાભ લીધો છે.

આ કાર્યક્રમનું આકાશવાણીના વિવિધ કેન્દ્ર અને ઓનલાઇન ચેનલો પર આજે સવારે 7 વાગ્યાથી જીવંત પ્રસારણ કરાશે.

વિવિધ ભારતી રાષ્ટ્રીય પ્રસારણ સેવા, વિવિધ ભારતી સ્ટેશન, સ્થાનિક રેડિયો સ્ટેશન, સામુદિયિક રેડિયો સ્ટેશન, એફએમ રેઇન્બો, એફએમ ગોલ્ડ અને અન્ય FM ચેનલ સહિત આકાશવાણીના તમામ કેન્દ્રો પરથી તેનું પ્રસારણ થશે. આકાશવાણી અમદાવાદની યુટ્યૂબ ચેનલ Air News Gujarat ઉપરથી પણ તેનું પ્રસારણ કરાશે. આકાશવાણીના પ્રાદેશિક કેન્દ્રો પર પ્રધાનમંત્રીના સંબોધનનું પ્રાદેશિક ભાષામાં પ્રસારણ રાત્રે સાડા નવ વાગ્યે સાંભળી શકાશે.

**(Newsonair)**

---

## રાજય-કચ્છ સ્વાતંત્ર્ય પર્વ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાના સ્વતંત્રતા પર્વની ઉજવણી આજે ખેડાના નડિયાદ ખાતે કરાશે. જ્યારે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી બનાસકાંઠામાં, નાણામંત્રી કનુભાઇ દેસાઈ સુરતમાં, આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ મહેસાણામાં, કૃષિમંત્રી રાઘવજી પટેલ જુનાગઢમાં ધ્વજવંદન કરશે.

પાણી-પૂરવઠા મંત્રી કુંવરજી બાવળિયા અમરેલીમાં, પ્રવાસન મંત્રી મુળૂભાઈ બેરા બોટાદમાં, શિક્ષણમંત્રી ડૉ. કુબેર ડિંડોર સાબરકાંઠામાં, મહિલા અને બાળવિકાસ મંત્રી ભાનુબેન બાબરિયા ગીરસોમનાથમાં અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી વડોદરામાં જિલ્લાકક્ષાની સ્વતંત્રતા પર્વની ઉજવણીમાં ઉપસ્થિત રહેશે.

જયારે કચ્છ જિલ્લા કક્ષાની ઉજવણી ગાંધીધામ ખાતે કરાશે. જે અંતર્ગત ઉધોગ, કુટીર ખાદી અને ગ્રામધોગ, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિહ રાજપૂતના હસ્તે ધ્વજવંદન કરાશે.

**(RNU અમદાવાદ/માહિતી ખાતુ)**

---

## રાષ્ટ્રપતિ-રાષ્ટ્રને સંબોધન

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે, ભારત વિવિધતા અને બહુલતા સાથે એક સુમેળભર્યા રાષ્ટ્ર તરીકે આગળ વધી રહ્યું છે, આવા સમયે સમાજને વિભાજીત કરતા વલણોને નકારવા જોઈએ. સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રને સંબોધન કરતા રાષ્ટ્રપતિએ કહ્યું કે દેશના સમાજિક જીવનના દરેક પાસાઓમાં સમાવેશી ભાવના વ્યાપેલી છે.

આ પ્રસંગે તેમણે બંધારણના ઘડવૈયા ડૉ. બી. આર. આંબેડકરને ટાંકીને કહ્યું કે, જ્યા સુધી સામાજિક લોકતંત્ર તેના પાયા પર ન હોય ત્યાં સુધી રાજકીય લોકશાહી ટકી શકે નહીં. શ્રી મુર્મુએ જણાવ્યું કે ભારત વાર્ષિક 8 ટકાના વિકાસ દર સાથે સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થાઓમાં સ્થાન પામે છે.

**(RNU અમદાવાદ)**

---

## રાષ્ટ્રપતિ એવોર્ડ-કચ્છ

દેશમાં પ્રશંસનીય કામગીરી કરનારા સરકારી કર્મચારી - અધિકારીઓને રાષ્ટ્રપતિ એવોર્ડ આપવાની જાહેરાત કરવામાં આવી છે, ત્યારે કચ્છમાં લાંચ રુશ્વત વિભાગમાં ફરજ બજાવતા કે.એચ. ગોહિલની સેવાની કદર કરીને યાદીમાં સમાવેશ થયો છે. બોર્ડર વિંગના હવાલદાર પસાભાઇ ઝાલાને પણ રાષ્ટ્રપતિ પદક જાહેર થયો છે. ગુજરાતના 25 અધિકારી-કર્મચારીને રાષ્ટ્રપતિ એવોર્ડ આપવા સમાવેશ કરવામાં આવ્યો છે.

**(વિરલ રાણા/NP)**

---

## ઉધોગમંત્રી-કચ્છ મુલાકાત

ઉદ્યોગ, લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામોઉદ્યોગ, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂત કચ્છ જિલ્લાના પ્રવાસે છે. ગઈકાલે સાંજે મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે ગાંધીધામ નગરપાલિકા દ્વારા આયોજિત કાર્યક્રમ "એક શામ શહીદો કે નામ"માં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી.

આ પ્રસંગે કચ્છ મોરબી સાંસદ વિનોદ ચાવડા સહિત પદાધિકારીઓ, અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**(માહીતી ખાતુ)**

---------------------------------------------------------------------------

## પારસી સમાજ નુતનવર્ષ

આજે પારસી સમાજ એનાં નૂતન વર્ષની ઉજવણી કરી રહ્યો છે. આજે ફરવર દીન માસ સાથે પારસીઓનાં 1394 માંવર્ષનો આરંભ થાય છે. આજે પારસી સમાજ અગિયારીમાં જઈ વિશેષ  પ્રાર્થના કરે છે. ભુજમાં પારસી અગિયારીમાં વિશેષ પ્રાર્થના કરે છે.

**(ચંદ્રવદન પટ્ટણી)**

---------------------------------------------------------------------------

## વરસાદ

જીલ્લામાં ગઈકાલે દહીસરામાં એક અને નખત્રાણા તાલુકામાં અડધોથી પોણો ઈંચ ઝરમર વરસાદ વરસાદ વરસ્યો હતો. તો જીલ્લા મથકભુજમાં બપોરે ઝાપટુ પડતા માર્ગો પર પાણી ભરાયા હતા. હવામાન વિભાગે  હજુ ચાર દિવસ હળવો વરસાદ વરસવાની આગાહી કરી છે.

**(વિરલ રાણા/NP)**

---------------------------------------------------------------------------